# PRAMUKH SWAMI SCIENCE & H.D. PATEL ARTS COLLAGE, KADI

First Test

Date : 05/09/2018 | BA SEM - V GUJARATI | Marks : 20

Time :10-10 to 11-10 | CC -510

(સમીક્ષા-અપઠિત)

---

૧. નીચેના ગદ્યખંડનો સંક્ષેપ-સારાંશ લેખન કરો ? ૧૨

(૧)

કલાકાર બનવું, લેખક બનવું એ કઈ નાનીસૂની જવાબદારી નથી. ખાસ કરીને અત્યારના સમયની વૈષમ્યભરી સ્થિતિમાં. આપણા યુગ, જેને 'ચિંતાયુગ' તરીકે ઓળખવામાં આવે છે તેનું જો કોઈ આહ્‌વાન હોય તો તે છે સંપૂર્ણ રીતે શીર્ણ-વિશીર્ણ થઈ જવાનો સતત ભય. જેમ જેમ વિજ્ઞાન અને યંત્રશાસ્ત્ર આગળ વધતાં જાય છે તેમ તેમ સભ્યતા અને સંસ્કૃતિનો હ્રાસ થતો જતો લાગે છે. યંત્રશાસિત સમાજ જે વૈયક્તિતાને ભૂંસ્યા કરે છે. વ્યક્તિત્વના લગભગ લોપની દશા હાથવેંતમાં છે. સમૂહમાનવનું ઉત્થાન માનવીના ગૌરવને હાનિ પહોચાડી રહ્યુ છે. સમૂહ વિચારક્રાંતિના સાધનો બૌદ્ધિક જીવનના ટુકડે ટુકડા કરી રહ્યા છે અને માણસને એક નવીન પ્રકારનો બર્બર બનાવી રહ્યાં છે. દેખિતાતો એ કલાના ગંજ ઉપર અને જીવન અંગેની અઢળક માહિતી ઉપર જીવતા હોય છે, પણ સૌંદર્ય એ પોતાને પોસાતી એક શોખની વસ્તુ કરતાં કાંઈક વિશેષ છે અને જ્ઞાન યંત્રશાસિત સમાજજીવનનાં સગવડતાભર્યા ગુજારા માટે સજ્જતા આપનાર વસ્તુ કરતાં કાંઈક વધારે છે એ વાત એના સમજવામાં આવતી નથી.

અથવા

સંગીત તો ભાવનાની ભાષા છે, જીવનનો ઉદ્‌ગાર છે. સાચું સંગીત તો પેલા દિવ્ય સંગીતનું પ્રતિબિંબ જ હોય છે અને આગળ જઈને જીવનનો માર્ગદર્શક બની શકે છે. આખા સમાજનું જીવન જાગૃત હોય તો સંગીત પણ સર્વત્ર જાગૃત રહેવાનું. જીવન જ્યારે મંદ પડે છે, જીવનરૂપી દેવતા ઉપર જ્યારે રાખ બાઝે છે ત્યારે સંગીત પણ સમાજમાં અપ્રતિષ્ઠિત થઈ જાય છે અથવા સંસ્કારવિહોણું બને છે. એવા સમયે સંગીતના કેટલાક ઉપાસકો સંગીતનો વારસો પ્રયત્નપૂર્વક ટકાવી રાખવા મથે છે. ધીમે ધીમે તેના ધંધાદારી વર્ગ થઈ જાય છે. હરિદાસ પછી તાનસેન આવવાનો જ એ સ્થિતિ અપરિહાર્ય છે. જેના વારસાની હિફાજત કરનાર વર્ગ ન હોય તો પ્રમાદી સમાજને બધું ખોઈ બેસતા વાર ન લાગે. સંગીતનો વારસો જાળવી રાખનાર એક સ્વતંત્ર વર્ગ તૈયાર થયો એટલે તે યોગક્ષેમ અને નવરાશની નિશ્ચિતતા માગવાનો જ. એને નિશ્ચિત્તા મેળવવાનો હક છે તેમાં તેને લાભ છે કે નહી તે જુદો સવાલ છે. મૂળ વગરનું ઝાડ, કાદવ વગરનું કમળ જેમ નિષ્પ્રાણ અને અસત્ય થઈ જાય છે, તેમ જીવનયાત્રાના પ્રયાસ અને કષ્ટવગર જીવન દહાડે-દહાડે કટાતું જાય છે, સમાજથી અળગું થતું જાય છે, પોતાનું જીવનમંત્ર ભૂલી અંતે વિકૃત દશાને પામે છે.

**૨. અર્થવિસ્તાર-વિચારવિસ્તાર કરો. (ગમે તે બે)** ૮

૧. સૌદર્ય શોભે છે, શીલથી ને યૌવન શોભે છે સંયમ વડે.

૨. સત્ય કોઈ સ્વતંત્ર ગુણ નથી. એ સદ્‌ગુણી જીવનનો કુદરતી ફળ છે.

૩. જે પોષતું તે મારતું એવો દિસે ક્રમ કુદરતી !

૪. હણો ના પાપીને દ્રિગુણ બનશે પાપ જગનાં,
લડો પાપો સામે વિમળ દિલના ગુપ્ત બળથી !

# PRAMUKH SWAMI SCIENCE & H.D. PATEL ARTS COLLAGE, KADI

Second-Test

01/10/2018 BA SEM - IV GUJARATI Marks : 20

CC -510

Time :10-10 to 11-10

(સમીક્ષા-અપઠિત)

૧. નીચેના કાવ્યની સમીક્ષા કરો. ૧૨

(૧)

મારી બંસીના બોલ બે વગાડી તું જા
મારી વીણાની વાણી જગાડી તું જા,
ઝંઝાના ઝાંઝરને પહેરી પધાર પિયા,
કાનના કમાડ મારા ઢંઢોળી તું જા,
પોઢેલી પાપણના પડદા ઉપાડી જરા,
સોનેરી સોણલું બતાડી તું જા .... મારી •
સૂની સરિતાને તીર પહેરી પીતાંબરી,
દિલનો દડૂલો રમાડી તું જા,
ભૂખી શબરીના બોર બે-એક આરોગી,
જનમભૂખીને જમાડીનું જા... મારી •
ઘાટે બંધાણી મારી હોડી વછોડી જા,
સાગરની સેરે ઉતારી તું જા,
મનના માલિક તારી મોજના હલેસે,
ફાવે ત્યાં એને હંકારી તું જા ... મારી •

સુંદરમ્

અથવા

૧. અર્થવિસ્તાર કરો. (ગમે તે બે)

(૧) 'જગની સૌ કડીઓમાં સ્નેહની સર્વથી વડી'
(૨) 'સૌંદર્ય શોભે છે, શીલથી ને યૌવન શોભે છે સંયમ વડે'
(૩) 'જે પોષતું તે મારતું એવો દિસે ક્રમ કુદરતી' !

૨. રૂઢિપ્રયોગો અને કહેવતો ઉદાહરણ સહિત સમજાવો. (ગમે તે ચાર) ૮

૧. હાથ આભે પહોંચવા
૨. ખાંડાની ધારે ચાલવું.
૩. બારે મેઘ વરસવા
૪. સેવા કરે તેને મેવા મળે
૫. વાડ વગર વેલો ન ચડે
૬. દીવા પાછળ અંધારું